# NCTE નું કામ કોલેજોને માત્ર જન્મ આપવાનું જ છે?

ભારત અનેક ક્ષેત્રે વિકાસ હાંસલ કરી રહ્યું ચે, જેમાં શિક્ષણક્ષેત્રનો સમાવેશ થાય જ તે સ્વાભાવિક છે. જુદા જુદા ક્ષેત્રે શિક્ષણ મેળવવાની માંગ વધતી ગઇ. જેમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોની જરૂરિયાત વધુ પ્રમાણમાં ઊભી થવા લાગી. મધ્યમવર્ગના કુટુંબના યુવાનો રોજગારી માટે તે તરફ આકર્ષવા લાગ્યા. પ્રશિક્ષણની કોલેજોની વધુ માંગ ઊભી થવા લાગી. સમગ્ર ભારતમાં સમાન વ્યવસ્થાના ભાગ રૂપે પ્રશિક્ષણ આપતી કોલેજોના ધારાધોરણ નક્કી કરવાનું અને તે મુજબ કોલેજોની સ્થાપના માટેની મંજૂરી આપવાનું કામ એન.સી.ટી.ઇ. કરે છે. આ માટે ચોક્કસ નિયમો ઘડવામાં આવ્યા છે. જે સંસ્થા કે વ્યકિત આવી કોલેજો એટલે કે પી.ટી.સી., સી.પી.એડ્ કે બી.એડ્. કોલેજ ખોલવા માંગે તેમણે એન.સી.ટી.ઇ.ને અરજી કરવાની હોય છે. ત્યારબાદ જે તે કોલેજે એન.સી.ટી.ઇ. એ નક્કી કરેલા ધારાધોરણ પૂર્ણ કરેલ છે કે કેમ તેની ખાત્રી કરવા એન.સી.ટી.ઇ. નિષ્ણાતોની સમિતિ સ્થળ મુલાકાતે મોકલે છે. આ સમિતિ સ્થળ મુલાકાત લઇને વિડિયોગ્રાી સાથે ોતાનો અહેવાલ એન.સી.ઇ.ટી.ને આપે છે. જેના આધારે જે તે કોલેજને જન્મ આપવો કે કેમ તેનો નિર્ણય એન.સી.ટી.ઇ. કરે છે.

ઉપરોક્ત ભૂમિકા પછી એ તરફ વાચકોનું ધ્યાન દોરવું છે કે જેમાં એન.સી.ટી.ઇ. એ નક્કી કરેલ તમામ ધારાધોરણો ન હોય તો પણ ઘણી ઘણી કોલેજોને એન.સી.ટી.ઇ. દ્વારા જન્મ આપવામાં આવ્યો છે. જેના માટે સ્થળ તપાસ માટે આવતી સમિતિ અને એન.સી.ટી.ઇ.માં બેઠેલ કેટલાક સભ્યો ચોક્કસ પણે જવાબદાર છે. આવી બૂમ સમાજ દ્વારા પડાય છે, પણ તેનો અવાજ એન.સી.ટી.ઇ. કે સ્થાનિક સરકારને સંભળાતો નથી. પરિણામ સ્વરૂપે પ્રશિક્ષણની કોલેજો કરતાં કારખાનનું પ્રમાણ વધવા લાગ્યું છે. સમિતિ સ્થળ મુલાકાત લે ત્યારે જરૂરી સગવડો ન હોય તો પણ લેતીદેતીને કારણે સમિતિના સભ્યો જે તે સગવડો છે તેવો રિપોર્ટ એન.સી.ટી.ઇ.ને આપી દે છે. ક્યારેક તો એવું લાગે છે કે સમિતિના સભ્યો સ્થળ તપાસ માટે નહીં પણ સ્થળ મુલાકાત એટલે કે હરવા ફરવા- ખાવાપીવા આવ્યા હોય. ક્યારેક એવું પણ બને છે કે, સમિતિ તટસ્થ રીતે કામ કરતી હોય પણ સ્થળ વચ્વસ્થાપકો તેમને ગેરમાર્ગે દોરતા હોય છે. જેમકે કોલેજમાં જરૂરી સગવડો ન હોય તો બીજેથી ઊછીની લઇને બતાવતા હોય છે, ખોટાં બીલો રજૂ કરતા હોય છે. ખોટાં પણ કાયદા હેઠળ સાચાં લાગતા પૂરાવા રજૂ કરે છે. પરિણામે જે તે કોલેજને એન.સી.ટી.ઇ. જન્મ આપી દે છે. ત્યારે પ્રશ્ન થાય જ કે શું એન.સી.ટી.ઇ.નું કાર્ય માત્ર જન્મ આપવા પૂરતું જ છે?

ઉપરોક્ત રીતે જન્મતું કોલેજરૂપી બાળક કેવું હશે? ખોડખાંપણ ધરાવતી આવી કોલેજો સમાજના વિકાસમાં ફાળો તો નથી જ આપતી, પણ અસામાજિક તત્વોનો ઉમેરો કરતી હોય તેવું લાગે છે. હા... આ વિધાન બધી કોલેજો માટે સાચું નથી, પણ મોટાભાગની કોલેજો માટે સાચું કહી શકાય. મંજૂરી વખતે દર્શાવવામાં આવેલ સગવડો મજૂરી પછી એકાએક ગાયબ થઇ જાય છે? આ માટે જે તે કોલેજને પૂછનારું કોઇ છે? જો હા.. તો તેપૂછવામાં આવે છે? જો ના... તો કેમ પૂછવામાં આવતું નથી? કોલેજ ચલાવવા માટે મુખ્ય જરૂરિયાત શૈક્ષણિક સ્ટાફની હોય છે? શું બધી કોલેજોમાં જરૂરી અધ્યાપકો છે? આ

માટે સરકાર કે યુનિવર્સિટી કક્ષાએ વર્ષની શરૂઆતમાં સ્ટાફ પ્રોફાઇલને મંજૂર કરવામાં આવે છે. પણ કોલેજ શરૂ થયા બાદ મંજૂર કરાવેલ સ્ટાફ પ્રોફાઇલ જેટલા અધ્યાપકો કોલેજમાં સેવા આપે છે? મોટાભાગની કોલેજમાં જરૂરી પૂરતો સ્ટાફ જ નથી. કારણ કે કોલેજોની સંખ્યાની રીતે વિચારતા જરૂરી લાયકાત ધરાવતા જરૂરી સંખ્યાના અધ્યાપકો છે જ નહીં. છતાં પણ કોલેજો ચાલે છે. જેટલી ચાલે છે તે જ ચાલે  છે તેવું નથી, પણ દિવસે ને દિવસે તેવી કોલેજોની સંખ્યા વધતી જાય છે. એક જ અધ્યાપકનું નામ એક કરતા વધુ કોલેજમાં ચલાવવામાં આવે છે. ત્યારે એન.સી.ટી.ઇ. કે સ્થાનિક સરકારે આ દૂષણને અટકાવવાનો પ્રયત્ન કર્યો છે ખરો? નથી જ કર્યો. જેથી તેનો અર્થ એવો કરી શકાય કે એન.સી.ટી.ઇ. અને સરકારમાં આવા દૂષણોને ડામવા માટેની ઇચ્છા શક્તિ જ નથી. ક્યારેક કોઇ બાબતમાં સરકાર પહેલ કરે તો સંચાલકો એન.સી.ટી.ઇ.ના નિયમો બતાવીને છટકવાનો પ્રયત્ન કરે છે. એન.સી.ટી.ઇ. જન્મ આપીને જે તે કોલેજોને ત્યજી દે છે. તે કોલેજ કેવી ચાલે છે? તેમાં કેટલો વિકાસ થયો કે કેટલા પ્રમાણમાં અધોગતિ થઇ તે જોવાનો કોઇ જ પ્રયત્ન થતો નથી. ક્યારેક સ્થાનિક સરકારને કાને વાત આવે અને તે લાલ આંખ કરે તો સંચાલકો કહે છે કે ભાઇ, અમને એન.સી.ટી.ઇ. એ મંજૂરી આપી છે, તમારે દખલગીરી કરવાનો કોઇ હક્ક નથી. આમ સંચાલકો પોતાને ફાવે અને ભાવે તે રીતે કોલેજ ચલાવતા હોય છે. સ્થાનિક સરકારનો પૂરો અંકુશ નથી અને જેનો પૂરેપૂરો અંકુશ છે તેવી એન.સી.ટી.ઇ. ને જન્મ આપ્યા પછીની ફરજ બજાવવાનો સમય નથી અને રસ પણ નથી. હા, કયારેક પી.ટી.સી. કોલેજોમાં સરકાર દ્વારા અને બી.એડ્. કોલેજોમાં યુનિવર્સિટી દ્વારા કેટલીક બાબતની તપાસ કરવામાં આવે છે. પણ તેમાં ઝાઝી સફળતા મળી નથી.  આવી તપાસ પછી પણ કોલેજોની સંખ્યા ઘટતી જાય છે અને કારખાનાઓની સંખ્યા વધતી જાય છે. આ વાત કોઇ એકલ દોકલ વ્યક્તિ જ કહે છે તેવું નથી. પૂરો સમાજ બૂમો પાડી પાડીને કહે છે. આ બધી બાબતો જે રીતે ચાલી રહી છે તેના દ્વારા થતું નુકશાન અત્યારે નહીં દેખાય. પણ જ્યારે દેખાશે ત્યારે તબેલામાંથી ઘોડો નાસી જાય પછી તાળું માર્યા જેવી પરિસ્થિતિ સર્જાશે. અત્યારની કોલેજો જે પ્રોડક્શન કરી રહી છે તે ભવિષ્યના સમાજને સહેજે ઉપયોગી થવાનું નથી. હા... કેટલીક કોલેજોનું પ્રોડક્શન ખૂબ જ ઊંચી ગુણવત્તા ધરાવતું છે, જેના માટે નાગરિક તરીકે આપણે પણ ગૌરવ લઇ શકીએ. પણ આવી કોલેજોની સંખ્યા ખુબ જ ખૂભ જ ઓછી છે પરિણામે તેમના પ્રોડક્શનનો જથ્થો પણ ખુબ જ ઓછો છે. આવી કોલેજોના પુણ્યને કારણે જ પેલા કારખાના ટકી રહ્યાં છે. પણ આ પુણ્યનો લાભ કારખાનાના માલિકો ને ન જ મળવો જોઇએ. આ માટે સ્થાનિક સરકાર અને એન.સી.ટી.ઇ. એ સંયુક્ત પણે હાથ મિલાવીને ભગીરથ પ્રયત્ન કરવા પડશે. તો જ કારખાનાઓને નાથી શકાશે, તો જ આવતી કાલના ભવિષ્યને સુધારી શકાશે. ભગીરથ એટલા માટે કે સામાન્ય પ્રયત્નોને કારખાનાના માલિકો કાયદામાં ગૂંચવી નાંખશે. આ માટે સમાજે પણ સતત જાગૃતિ બતાવવી પડશે. તો આવો આપણે સૌ આ ભગીરથ કાર્યમાં જોડાઇ જઇએ.